R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ (૩૦૮)સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજ રોડ, નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા . ટે.નં(મો)૯૮૨૫૧૬૯૩૮૬
વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-27 • ISSUE: 06 DATE: 10-02-2018• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/

## લગ્નો સામે વાંધો ઉઠાવવાનો ખાપ પંચાયતો,વ્યક્તિ કે સમાજને અધિકાર નથી.બે પુખ્તોના લગ્ન સામે કોઇ સવાલ ઉઠાવી શકે નહીં : સુપ્રીમ કોર્ટ

બે પુખ્ત વ્યક્તિએ તેમની મરજીથી લગ્ન કર્યા હોય છે એથી ખાપ પંચાયતો તેમાં માથુ મારે નહીં. સરકારે લગ્ન કરનારા યુગલોને સંરક્ષણ આપવું જોઈએ.ખાપ પંચાયતો સમાજમાં નૈતિકતાની ઠેકેદાર ન બને, લગ્ન રદ કરવા માટે દેશમાં કાયદો છે. કહેવાતા ઓનર કિલિંગ દ્વારા કાયદો હાથમાં લેતી ખાપ પંચાયતોને આડે હાથ લેતાં સુપ્રીમ કોર્ટે ખાપ પંચાયતોને સમાજના નૈતિકતાના ઠેકેદાર નહી બનવાની ચીમકી આપી હતી. મુખ્ય ન્યાયમુર્તિ દિપક મિશ્રાના વડપણ હેઠળની ૩ જજની સુપ્રીમ કોર્ટની બેન્ચે સ્પષ્ટ અવલોકન આપ્યું હતું કે બે વ્યક્તિના લગ્ન સામે કોઈ ખાપ પંચાયત,કોઈ વ્યક્તિ અથવા કોઈ સમાજ સવાલ ઉઠાવી શકે નહીં.કેન્દ્ર



સરકારે ખાપ પંચાયતો દ્વારા લેવાતાં આ પ્રકારના પગલાં સામે લગ્ન કરનાર યુગલોને સંરક્ષણ આપવું જોઈએ.સમાજમાં નૈતિકતાની ઠેકેદાર બનતી ખાપ પંચાયતોને સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે તેઓ જાતે સમાજની ઠેકેદાર બની બેસી શકે નહીં. દેશમાં કાયદો છે અને કાયદા અંતગર્ત પ્રતિબંધિત કરી શકાય તેવા લગ્નો

અનુસંધાન પાન નં ૧ ઉપર

## અંડર-૧૯ ક્રિકેટ વર્લ્ડકપમાં ભારત ચોથી વાર ચેમ્પીયન બન્યું

રાહુલ દ્રવિડના કોચિંગ હેઠળની ભારતીય અંડર-૧૯ની ટીમે ઓસ્ટ્રેલિયાને હરાવીને આઈસીસી અંડર ૧૯ વર્લ્ડકપ જીતી લીધો હતો. આ સાથે ભારત ચોથી વાર અંડર ૧૯મી ચેમ્પીયન બન્યું હતું. અગાઉ કોઈપણ ટીમ ચાર વખત વર્લ્ડ કપ જીતી શકી નથી.ફાઈનલ મેચમાં ભારતે બેટિંગ અને બોલિંગમાં શારદાર દેખાવ કર્યો હતો.આ મેચમાં ભારતના ઓપનર મનજોત કાલરાએ શારદાર બેટિંગ કરીને સદી નોધાવી હતી.સમગ્ર ટુર્નામેન્ટમાં એકપણ મેચ હાર્યા વગર સતત જીત મેળવીને ભારતીય ટીમ ફાઈનલમાં પહોચી હતી.ભારતે મેળવેલી જીતને ભારતીય ક્રિકેટ બોર્ડે દાદ આપતાં દરેક ખેલાડીને ૩૦-૩૦ લાખ રુપીયાનું ઈનામ આપ્યુ હતું. જ્યારે કોચિંગ માટે રાહુલ દ્રવિડને રુ.૫૦ લાખનું ઈનામ આપ્યું હતું.




## ૨૦૧૭માં ભારતને અલવિદા કહેનારા સાત હજાર પલાયનબાદી ભારતીયો

ભારતમાંથી પૈસાદાર ગણાતા સાત હજાર જેટલા લોકોએ ભારત દેશ છોડીને અન્ય દેશોની નાગરિકતા સ્વીકારી લીધી.ભારતમાંથી અતિ ધનાઢ્ય ગણાતા લોકો દેશ છોડીને અમેરિકા,ઓસ્ટ્રેલીયા,કેનેડા વિગેરે સ્થળોને પોતાની પસંદગીનું સ્થળ પસંદ કર્યું છે.જો કે આ બાબત ચિંતાજનક ના કહેવાવી જોઈએ કે તેનો અફસોસ પણ ના કરવો જોઈએ.જે દેશની પ્રજામાં જેમને વિકલ્પ જ નથી તેમની વાત કરવાની તો બાજુ પર રહી જાય છે. એક ટાણાનો રોટલો પણ કેટલાકને મળવો મુશ્કેલ છે.૨૦૧૬ની સરખામણીએ ૨૦૧૭માં ૧૬ટકાથી વધુ લોકોએ ભારતની નાગરિકતા છોડી છે.જો કે આ મામલે ચીન કરતાં ભારતની સ્થિતિ સારી છે. ચીનમાં લોકશાહી નથી તેમજ મુડીપતિ બનવું એટલું સરળ નથી.તેમજ કાયદા કાનુનની આંટીઘુટીમાં ફસાવવાની અનેક સ્થિત મોજુદ છે. જ્યારે ભારતમાં તેવું નથી.

ન્યુ વર્લ્ડ વેલ્થના રિપોર્ટમાં ઉમેરાયું છે કે ૨૦૧૬માં આ આંકડો ૬૦૦૦ જેટલો હતો ,જ્યારે ૨૦૧૫માં ૪૦૦૦ ધનિકોએ ભારતની સરખામણીમાં અન્ય દેશોની નાગરિકતા સ્વીકારી હતી.જો કે આ મામલે ચીનને સૌથી મોટું નુકશાન થયું છે.૨૦૧૭માં ચીનના દસ હજાર સુપર રીચ નાગરિકોએ અન્ય દેશોની નાગરિકતા અપનાવી છે. ચીન અને ભારત પછી તુર્કીમાંથી ૬૦૦૦,બ્રિટનમાંથી ૪૦૦૦,ફ્રાંસમાંથી ૪૦૦૦ અને રશિયામાંથી ૩૦૦૦ ધનિકો અન્ય દેશોમાં જતા રહ્યા છે.આ માઈગ્રેશન ટ્રેન્ડની વાત કરીએ તો ભારતમાંથી પલાયન કરનાર લોકોની સૌથી પહેલી પસંદ અમેરિકા રહી છે.આ ઉપરાંત યુએઇ,કેનેડા,ઓસ્ટ્રેલીયા અને ન્યુઝીલેન્ડ જેવા દેશો પણ ભારતમાંથી પલાયન કરનારા ધનિકોની પસંદગી છે. બીજી બાજુ ચીની ધનિકોએ અમેરિકા,કેનેડા અને ઓસ્ટ્રેલીયા જેવા દેશોને પોતાની પસંદગી બનાવી છે.જો કે રિપોર્ટમાં એવુ સ્પષ્ટ કરાયું છે કે ભારત અને ચીન માટે ધનિકોનું દેશમાં જતા રહેવું ચિંતાજનક નથી.કારણે જેટલા જાય છે તેનાતી વધારે ધનિકોનો ઉમેરો થતો રહે છે.

## બજેટમાં આંધ્રને કશું નહી મળતા નારાજ ટીડીપી નેતા ચંદ્રબાબુ નાયડુએ એનડીએ સાથે નારાજગી બતાવી

લોકસભાની ચુંટણીઓ પહેલાં રજુ કરાયેલા બજેટમાં આંધ્ર પ્રદેશ માટે કોઈ મહત્વની જોગવાઈ કરવામાં નહીં આવતાં આંધ્રના મુખ્યમંત્રી અને ટીડીપી નેતા ચંદ્રાબાબુ નાયડુએ નારાજગી દર્શાવી હતી.અને ભાજપના વડપણ હેઠળના એનડીએ સાથે છેડો ફાડવાની વાત કરી હતી.ચંદ્રાબાબુ નાયડુ આ મુદ્દે ટીડીપીના સભ્યો સાથે ચર્ચા કરવા ઈમરજન્સી બેઠક બોલાવી હતી.અને સંકેતો આપ્યા હતા કે જો એનડીએને અમારા સાથની જરુર ન હોય તો અમે નમસ્તે કહીશું.બજેટમાં ટીડીપીને લાભ ન જણાતા ચંદ્રાબાબુ એ નારાજગી દર્શાવી હતી.

સુત્રોના જણાવ્યા મુજબ પાર્ટીની તાત્કાલિક બોલાવાયેલી બેઠકમાં ચંદ્રાબાબુ નાયડુએ એનડીએ સાથે ગઠબંધન ચાલુ રાખવું કે કેમ તે અંગે મહત્વનો નિર્ણય લઈ શકે છે જોકે અગાઉ પણ તેમણે એનડીએ સાથે છેડો ફાડવાના સંકેતો આપ્યા હતા.ટીડીપીની સંસદીય બોર્ડની બેઠકમાં આ મુદ્દે નિર્ણય લેવાય તેવી શક્યતા છે.

ટીડીપી સાંસદ ટીડી વંકટેશે જણાવ્યુ હતું કે અમે ભાજપ સામે મોરચો ખોલવા જઈ રહ્યા છીએ. અમારી પાસે ત્રણ વિકલ્પ છે. જેમાં પહેલા વિકલ્પ એનડીએ સાથે જોડાણ ચાલુ રાખવાનો છે. બીજો અમારા સાંસદો રાજીનામા આપે તેનો છે અને ત્રીજો ગઠબંધન સાથે છેડો ફાડવાનો છે.આ મામલે નાયડુ યોગ્ય નિર્ણય લેશે. સાંસદે કહ્યુ કે આંધ્ર પ્રદેશને બજેટમાં કોઈ ફંડ ફાળવવામાં નહી આવતાં તેઓ ખુબ નારાજ છે. હવે ભાજપે નક્કી કરવાનું છે કે તે આ નિર્ણયનો કેવી રીતે બચાવ કરે છે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

મોદી સરકારનું ચોથુ અને અંતિમ બજેટ રજુ કરતાં નાણાંમંત્રી કોઇ ચમત્કાર કરી શક્યા નથી.બજેટ જાહેર થયા બાદ શેર બજારની હાલત એકદમ કથળી ગઇ અને તેજીનો કોઇ વાવરો દેખાયો નહીં.ખુદ નાણાંમંત્રી ૨૦૨૨માં બજેટની અસરોની વાત કરી તો ચાર વર્ષ પછી બજેટની અસર થવાની હોય તો હાલ માટે તેનો કોઇ મતલબ નથી.નાણાંમંત્રી બજેટની કેટલીક બાબતો ને વકીલની દલીલો માફક ગુંચવી નાંખી જેથી શરુઆતના તબક્કામાં મોટાભાગના લોકોને ખબર જ ના પડી કે બજેટમાં શું કહેવા માંગે છે માત્ર તેમના પક્ષના લોકો તેમની વાહવાહી કરી.

અર્થતંત્રને ધબકતું કરવા માટે,નવી પુંજી નિવેશ, નવા ઊદ્યોગો,નવી રોજગારીની તકો, મોઘવારી ઘટાડવાના નુસખા,મધ્યમવર્ગી લોકો જેમણે તેમને ઉંચકીને આ આસન પર બેસાડ્યા તેમના હિતો અને હક્કોની પરવરીશ જેવી કોઇપણ બાબતોએ આ બજેટે નિરાશ કર્યા છે.દેશનો સળગતો પ્રશ્ન મોઘવારી અને ફુગાવો. તેને કાબુમાં લેવા માટે કોઇ યથાયોગ્ય પ્રયત્ન જ નહી. આ ઉપરાતં દેશની સર્વોચ્ચ રીઝર્વ બેન્ક મોઘવારી ઘટશે નહી તેવું એલાન પાકે પાયે કરી નાંખ્યું.આ દેશની પ્રજા તેની પર કમરતોડ ઝીંકાતા કરવેરામાં રાહત માંગે છે.ગરીબ પ્રજા મોઘવારીમાં હળવાશ અનુભવાય તેમ ઇચ્છે છે.દેશમાંથી ધનવાનોતો વિદેશમાં સ્થાઇ થવા માટે જતા રહેવા માંડ્યા. એનો મતલબ એવો થયો કે જેમને આ દેશના કાયદા,તેમની સ્વતંત્રતા અને તેમનુ અને તેમની માલમિલક્તનું પુરેપુર રક્ષણ અંગેની ચિતા સતાવતી હોય તે જતા રહે.ખેર તો આ રાજ્યકર્તાઓને આ સવાલ ઉપર મંથન કરવું જોઇએ. માત્ર ઝંડાનું ગણિત અને કોમવાદથી માત્ર દેશનો વિકાસ થતો નથી.

## મંતવ્ય

### દેશના બેરોજગારોની સ્થિતિ ચિંતાજનક છે

ભારતના અર્થતંત્રમાં છેલ્લા કેટલાક સમયથી આવેલી ખરાબ સ્થિતિને પગલે દેશમાં રોજગારી ક્ષેત્રે અત્યંત ચિંતાજનક સ્થિતિ બહાર દેખાઇ આવી છે.કરોડો યુવાનો ઉચ્ચ ડીગ્રી મેળવ્યા પથી પણ કોઇ નોકરી ન મળતાં સ્થિતિ વધુ ગંભીર બની રહી છે ત્યારે બીજી તરફ વડા પ્રધાન મોદીએ પકોડા વેચવા પણ એક પ્રકારનો રોજગાર છે તેમ કહેતાં મામલો બિચક્યો છે.વડાપ્રધાનના આ નિવેદનને સમર્થન કરતું નિવેદન ભાજપના પ્રમુખ અમિત શાહે સંસદમાં કરતાં રોજગાર મામલે પુરા દેશમાં મજાક શરુ થઇ ગઇ છે.દેશના શ્રમ મંત્રાલયમાંથી મળેલા આંકડાઓ પ્રમાણે દેશમાં રોજગારીની સ્થિતિ અત્યંત ચિંતાજનક છે. અહેવાલ પ્રમાણે દેશમાં રોજ ૫૫૦ નોકરી ખતમ થઇ રહી છે. અને આજે ૧૨ કરોડ લોકો બેરોજગારીના ખપ્પરમાં છે.આંકડાઓના સંદર્ભમાં જોઇએ ભારત આજે દુનિયાનો સૌથી વધુ બેરોજગારી ધરાવતો દેશ બની ગયો છે.ભારતીની ૧૧ ટકા વસતી એટલે કે ૧૨ કરોડ લોકો બેરોજગાર છે. ૨૦૧૫-૧૬ના વર્ષમાં બેરોજગારીનો દર પાંચ વર્ષના સૌથી ઉચ્ચતમ સ્તરે પહોચી ગયો છે.૨૦૧૫માં દેશમાં ફક્ત ૧,૩૫,૦૦૦ લોકોનેજ નોકરી મળી હતી. ચાર વર્ષથી ૫૫૦ નોકરીઓ રોજેરોજ ઓછી થઇ રહી છે.આ ચાર વર્ષમાં મહિલાઓમાં બેરોજગારીનું પ્રમાણ ૮.૭ ટકાના દરે વધ્યું છે.શ્રમરોજગાર મંત્રાલયનો રિપોર્ટ કહે છે કે સ્વરોજગારીની તકો પણ દેશમાં ઓછી થઇ છે. અને તેને કારણે પણ નોકરીનું પ્રમાણ ઘટી ગયું છે.

બીજી તરફ ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશનનો અહેવાલ કહે છે કે ૨૦૧૮ના વર્ષમાં ભારતમાં બેરોજગારી ૩.૫ ટકાના દરે વધી શકે છે. આ દર૨૦૧૬-૧૭ના વર્ષ જેટલો જ છે. ઓર્ગેનાઇઝેશનના જણાવ્યા પ્રમાણે સમગ્ર વિશ્વમાંતી ત્રણ વર્ષમાં પહેલી વખત બેરોજગારીનો દર ઓછો થવાનો છે. લેટેસ્ટ રિપોર્ટ પ્રમાણે, બારતમાં ૨૦૧૮માં વધુ ૧.૮૬ કરોડ જ્યારે ૨૦૧૯માં ૧.૯૦ કકરોડ લોકો બેરોજગાર થવાના છે.૨૦૧૭માં સંખ્યા ૧.૮૩ કરોડની હતી.

જો કે મોદી સરકારનું ચોથું બજેટ રજુ કરતાં નાણાંમંત્રી અરુણ જેટલીએ કહ્યુ હતું કે ભારતના જોબ માર્કેટમાં સુધારો થઇ રહ્યો છે અને તેમાં તરલતા આવી રહી છે. છેલ્લા ત્રણ વર્ષમાં આ દિશામાં વર્તમાન સરકારે લીધેલા પગલાંની જાહેરાત કરતાં જેટલીએ કહ્યુ હતું કે ૨૦૧૮ના વર્ષમાં કુલ ૭૦ લાખ રોજગારીનું સર્જન થઇ શકશે. (સૌ. ન.ગુ. સ)

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં : ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં : ૯૮૯૮૦૭૨૮૮૧

અનું. પાન નં ૧ નું ચાલુ

સામે કામ ચલાવવા માટે અદાલતો પણ છે.

સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે જયારે બે પુખ્ત વ્યક્તિ લગ્ન કરે છે ત્યારે તેને રદ કરવા માટે કાયદા છે.અને આ પ્રકારના યુગલો સામે ખાપ પંચાયતો હિંસા આચરી શકે નહીં. ચીફ જસ્ટીસ મિશ્રાએ જણાવ્યુ હતું કે જયારે બે પુખ્ત લગ્નગ્રંથિથી જોડાય છે ત્યારે તેમાં કોઇ હસ્તક્ષેપ કરી શકે નહીં.આપણે કહી શકીએ નહી કે ક્યાં લગ્ન રદ થઇ શકે, ક્યાં લગ્ન સારા કે ખરાબ છે. ખાપ પંચાયતો આ બાબતોથી દુર રહે.બે પુખ્ત વ્યક્તિએ તેમની મરજીથી લગ્ન કર્યા હોય છે તેથી ખાપ પંચાયતો તેમાં માથુ મારે નહીં.ખાપ પંચાયતોની દલીલ પર અદાલતે જણાવ્યુ હતું કે અમને ખાપ પંચાયતોના અધિકારની ચિંતા નથી.અમન ફકત લગ્ન કરતાં યુગલોની ચિંતા છે.લગ્ન સારા હોય કે ખરાબ, ખાપ પંચાયતો તેનાથી દુર રહે.

સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે આંતરજાતીય,આંતરધર્મી અથવા સમાન ગોત્રમાં લગ્ન કરતાં યુગલોને સંરક્ષણ આપવા માટેની માર્ગદશીકા તૈયાર કરવા અદાલત ઉચ્ચ સ્તરીય પોલીસ કમિટીની રચના કરવા વિચારી રહી છે.આ કમિટિને ખાપ પંચાયતો,માતા-પિતા અને સગાઓ દ્વારા યુગલો પ્રત્યે આચરાતી હિંસા સામે યુગલોને સુરક્ષા આપવાની જવાબદારી સોપાશે.

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને અદાલતના મિત્ર એટવોકટ રાજુ રામચંદ્રન દ્વારા કરાયેલા સુચનોનો જવાબ આપવાં નિર્દેશ આપ્યો છે.રાજુ રામચંદ્રને તેમના રિપોર્ટમાં જણાવ્યુ હતું કે ખાપ પંચાયતો ગણો પ્રભાવ ધરાવતી શક્તિશાળી પંચાયતો છે.અદાલતે તેમના પર નિયંત્રણ લાદતાં પગલાં લેવા જોઇએ. જો સરકાર અદાલતના મિત્ર દ્વારા કરાયેલા સુચનો પર કોઇ આદેશ જારી નહી કરે તો અદાલતને આદેશ આપવાની ફરજ પડશે.ખાપ પંચાયત વતી હાજર રહેલા વકીલે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યુ હતું કે અમે આંતરજાતીય અનો આંતરધર્મ લગ્નોનો વિરોધ કરતાં નથી.અમે ફક્ત સમાન ગોત્રમાં થતાં લગ્નોનો વિરોધ કરીએ છીએ.

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

# સામાજિક યોજનાનો લાભ લેવા અન્ય આઇડી કાર્ડસ પણ ચાલશે : આધાર ન હોય તેવા કેસમાં સરકારની સુપ્રીમમાં સ્પષ્ટતા

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં સ્પષ્ટ કર્યુ છે કે કોઇને પણ આધારના અભાવે સામાજિક સલામતીના લાભો આપવાથી વંચિત કરી શકાય નહિ. જો કોઇની પાસે આધાર ન હોય તો તે આવી સેવાઓનો લાભ લેવા માટે ઓળખનો અન્ય વૈકલ્પિક પુરાવાનો ઉપયોગ કરી શકે છે.એડીશનલ સોલીસીટર જનરલ તુશાર મહેતાએ આધાર અંગેની ચર્ચામાં કોર્ટને જાણ કરી હતી.જસ્ટીસ દિપક મિશ્રાની આગેવાની હેઠળની પાંચ જજની બનેલી બેન્ચે આધાર કાયદાની બંધારણીય માન્યતાને પડકારતી અનેક પીટીશનો પર સુનાવણી કરી રહી હતી.

મહેતાએ કહ્યુ હતું કે કેબિનેટ સેક્રેટરીએ ૧૯ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ આ અંગેનું જાહેરનામું જારી કર્યુ હતું. લોકો વોટર આઇડી,રેશનકાર્ડ જેવા વૈકલ્પિક પુરાવા પુરા પાડીને સામાજિક સલામતીના લાભો લઇ શકે છે.તેમણે ઉમેર્યુ હતું કે આધાર કાયદા હેઠળ એક નાગરિકને સત્તાવાર આધાર ડેટાની જરુર હોય છે. અથવા તેના આધાર કાર્ડમાં રહેલા અન્ય કોઇ વૈકલ્પિક પ્રુફ જોઇએ છે.પરંતુ જો આ બંન્ને ચીજો કામ ન કરતી હોય તો તે માણસ ઓળખનો વૈકલ્પિક પુરાવો આપી શકે છે.તેમણે કહ્યુ હતું કે કોઇની પણ બાદબાકી ન કરી શકાય.સરકાર લોકોને થતી સમસ્યાઓ અંગે સભાન છે.જ્યાં સુધી સરકાર તમામ વિસ્તારો સુધી આધારનું વિસ્તરણ ન કરે ત્યાં સુધી ઓળખના અન્ય પુરાવા સ્વીકારી શકાય છે.તેમણે વધુમાં ઉમેર્યું હતું કે જો તમારી પાસે આધાર કાર્ડ ન હોય તો સંપુર્ણરીતી તમારી બાદબાકી ન થઇ શકે.દેશમાં ૯૬ ટકા લોકો પાસે આધાર કાર્ડ છે.માત્ર ચાર ટકા લોકો પાસે જ તેનથી.તેઓ વૈકલ્પિક આઇડી પ્રુફનો ઉપયોગ કરી શકે છે.

સવાલ એ થાય છે કે જો કોર્ટ આધાર કાર્ડને માન્યતા આપે નહીં તો સરકારે કરેલી તમામ મહેનત પાણીમાં જશે. ઉપરાતં આધાર કાર્ડ માટે એકઠા કરાયેલા ડેટાને વેચવા સરળ બની જશે.આધાર માટે કોર્ટે કોઇ કડક બાબતની સ્પષ્ટતા કરવાની રહેશે.

# મેડીકલ કૌભાંડમાં અલ્હાબાદ હાઇકોર્ટના જજ શુકલને હટાવવા સુપ્રીમ ચીફજસ્ટીસે ભલામણ કરી

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ દિપક મિશ્રાએ અલ્હાબાદ હાઈકોર્ટના જજ એસ.એન.શુકલને હટાવવાની ભલામણ કરવાનો નિર્ણય કર્યો છે.મેડિકલ કોલેજમાં એડમિશનમાં કૌભાંડના મામલે આંતરીક તપાસમાં જસ્ટીસ શુકલની ગેરવર્તણુંક બહાર આવી હતી અને તેઓ દોષિત ઠર્યા હતા.

કોર્ટના સુત્રોએ જણાવ્યા અનુસાર ચીફ જસ્ટીસ મિશ્રા રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનને ટુંક સમયમાં પત્ર લખીનો આ ભલામણ અંગે જાણ કરશે.હાઈકોર્ટનાજજને હટાવવાની આંતરીક પ્રક્રિયા અંતર્ગત તે જરુરી છે. ત્રણ જજની ઈન-હાઉસ કમિટીએ તેની તપાસના રિપોર્ટમાં કહ્યુ છે કે જસ્ટીસ શુકલા સામે જે આક્ષેપ કરાયા છે તે ગંભીર છે અને તેમને હટાવવાની પ્રક્રિયા માટે પુરતા છે.આ તપાસ સમિતિમાં મદ્રાસ હાઈકોર્ટના ચીફ જસ્ટીસ ઈન્દીરા બેનરજી, સિક્કીમ હાઈકોર્ટના ચીફ જસ્ટીસ એસ.કે.અગ્નિહોત્રી અને મધ્યપ્રદેશ હાઈકોર્ટના જસ્ટી. પી.કે જયસ્વાલનો સમાવેશ થતો હતો.સમિતિનો રીપોર્ટ આવ્યા બાદ ચીફ જસ્ટીસ દિપક મિશ્રાએ જસ્ટીસ શુકલને રાજીનામું આપી દેવા અથવા સ્વેચ્છીક નિવૃત્તિ લેવાની સલાહ આપી હતી.પરંતુ શુકલાએ તેનો ઈન્કાર કરી દેતાં ચીફ જસ્ટીસે તેમને ન્યાયિક કામગીરીથી તાત્કાલિક દુર રહેવાનો આદેશ કર્યો હતો. એ મુજબ શુકલાને કામગીરીથી અળગા કરી દેવાયા હતા.

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

# આધુનિક ભારતનું સપનું સાકાર કરતું વિકાસલક્ષી બજેટ સંસદમાં નાણામંત્રીએ રજુ કર્યું

કેન્દ્રના નાણાંમંત્રી અરુણ જેટલીએ સંસદમાં સામાન્ય બજેટ રજુ કર્યું હતું.તેમણે ખેડુતો,,ગરીબો,ગ્રામીણ ગરીબો, શિક્ષણ,આરોગ્ય,સામાજિક સુરક્ષા, અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા અર્થતંત્રના ચાલકબળ સમાન ક્ષેત્રોના વિકાસને ધ્યાનમાં રાખીને આધુનિક ભારતનું સપનું સાકાર કરતું વિકાસલક્ષી બજેટ સંસદમાં રજુ કર્યુ હતું.

તેમના બજેટમાં જે રાહ જોવાતી હતી તે પગારદારોને ઈન્કમટેક્ષમાં રાહતની કોઈ જોગવાઈ કરવામાં આવી નહોતી.તેમણે આવકવેરામાં સ્ટાન્ડર્ડ ડિડકશનની જોગવાઈ ફરી દાખલ કરી હતી અને સ્ટાન્ડર્ડ ડિડકશનનો રુ.૪૦,૦૦૦નો લાભ આપ્યો હતો.પણ સામે મેડિકલ અને ટ્રાન્સપોર્ટેશનની છુટ રદ કરી હતી. આમ સરવાળે ચોક્કસ પગારદારોને ફક્ત રુ.૫૮૦૦નો લાભ મળ્યો હતો. આ જોગવાઈને કારણે સરકારને રુ.૮૦૦૦કરોડની આવક ગુમાવવી પડશે પણ બીજી તરફ હેલ્થ અને એજ્યુકેશન સેસમાં ૧ ટકાનો વધારો કરીને તેમણે આ સેસ ૪ ટકા કર્યો હતો. આ રીતે રુ.૧૧,૦૦૦કરોડ ભેગા થશે. લોકોનું જીવનધોરણ સુધરે તે માટે ઈઝ ઓર લિવિંગ પર ખાસ



ભાર મુક્યો હતો.

સિનિયર સીટીઝનને ડીપોઝીટના વ્યાજ પરની ટેક્સમાફી વર્ષે રુ.૧૦,૦૦૦થી વધારીને રુ.૫૦,૦૦૦ કરાઈ છે.ગંભીર માંદગી માટે ટેક્સ ટિડકશનના લાભ રુ.૧ લાખ સુધીના કરાયા છે.સિનિયર સીટીઝનને ઈન્કમટેક્ષમાં રાહત અપાઈ છે.વ્યાજની આવક રુ.૧૦,૦૦૦થી વધીને રુ.૪૦,૦૦૦ થાય ત્યા સુધી તેમને ટીડીએસ કપાશે નહીં.એફડીમાં પણ વ્યાજની આવકને આ માફી મળશે.મેડીકલ ખર્ચના લાભ વધારીને રુ. ૧ લાખ સુધીના કરાશે. એફડી અને અન્ય વ્યાજ પર ટેક્સમાં માફી અપાઈ છે.મેડીકલ બિલમાં રુ.૪૦,૦૦૦ સુધી સ્ટાન્ડર્ડ ડિડકશનની છુટ અપાઈ છે. એલઆઈસીમાં રોકાણ મર્યાદા વધારીને રુ.૧૫લાખ કરાઈ છે.

# બાંગલાદેશના પુર્વ વડાપ્રધાન ખાલિદા ઝીયાને ભ્રષ્ટાચારના કેસમાં પાંચ વર્ષની જેલની સજા

બાંગ્લાદેશના પુર્વ વડાપ્રધાન ખાલિદા ઝીયાને ભ્રષ્ટાચારના કેસમાં પાંચ વર્ષની જેલની સજા ફરમાવવામાં આવી છે.હવે તેઓ આગામી ચુંટણી લડી શકશે નહીં. આ ચુકાદા પછી બાંગલાદેશમાં તણાવનો માહોલ પેદા થયો છે. ૧.૬૨ કરોડ રુપીયાના કૌભાંડનો આરોપ છે.આ રકમ અનાથ આશ્રમ માટે ચેરીટી સ્વરુપે આવી હતી. આ કેસમાં ખાલિદાના પુત્ર અને અન્ય ચાર લોકો ઉપર કેસ નોધાયો હતો.જેમાં ખાલીદાના પુત્ર તારિક રહેમાન અને અન્ય ચાર લોકોને ૧૦ વર્ષની સજા ફરમાવવામાં આવી છે.

બાંગ્લાદેશના પુર્વ પી.એમ. ખાલિદા ઝિયાએ તા.૩૦ નવેમ્બર,૨૦૧૪ના રોજ પોતાના પર લાગેલા આરોપ પર એક અરજી નોધાવી હતી. પરંતુ કોર્ટે તેને રદ કરી હતી.અને નીચલી અદાલતને ટ્રાન્સફર કરી હતી. હાઈકોર્ટે નીચલી અદાલતના નિર્ણયને સાચો માની આગળની પ્રક્રિયા કરી હતી.તા.૧૯માર્ચ,૨૦૧૪ના રોજ નીચલી કોર્ટે આદેશ કર્યા હતા કે ખાલિદા ભ્રષ્ટાચારના બે કેસમાં દોષિત છે.એસીબીએ સમગ્ર મામલાની તપાસ કરી હતી.ઝીયા અનાથ આશ્રમ ટ્રસ્ટ અને ઝિયા ચેરીટેબલ ટ્રસ્ટ માત્ર કાગળ પર છે.બાંગ્લાદેશમાં અનાથ બાળકોના ભરણ પોષણ માટે વિદેશી ડોલરમાં રકમ આવતી હતી.પરંતુ આ રકમ આશ્રમ કે ટ્રસ્ટના ખાતામાં જમા થવાના બદલે અન્ય ખાતામાં જમા થતી હતી.અનાથ આશ્રમ માટે આવેલી રકમમાંથી જમીનની ખરીદી કરવામાં આવી હતી.

# અમેરિકામાં ગ્રીન કાર્ડ લોટરી બંધ થશે અને મેરિટ આધારિત સિસ્ટમ શરુ થશે : અમેરિકી પ્રમુખ ટ્રમ્પની સંસદમાં જાહેરાત

અમેરીકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીયોને લાભ થાય તેવી એક જાહેરાત કરી હતી.તેમણે વીઝા નીતિમાં ફેરફાર અંગેની જાહેરાત કરી હતી.જેમાં ગ્રીન કાર્ડની લોટરી સિસ્ટમને બદલી નાંખીને લોટરીને સ્થાને મેરિટ આધારે વિઝા આપવાનું નક્કી કરતી નીતિ શરુ કરવા અમેરિકી સંસદમાં તેમણે કરેલા સંબોધનમાં આ બાબત જણાવી હતી.

ટ્રમ્પની આ નવી ઈમીગ્રેશન નીતિને કારણે અમેરિકામાં વસતા હજારો ભારતીયોને તેનો લાભ મળશે.જો કે લોટરી સિસ્ટમ બંધ કરી દેવાની જાહેરાતની અટકળોને કારણે હજારો ભારતીયોને અમેરિકામાંથી ઉચાળા ભરવા પડશે તેવી ભીતિથી ભારતીયોમા દહેશતનો માહોલ સર્જાયો હતો.અમેરિકામાં એચ ૧બી વીઝા અંતગર્ત હજારો ભારતીયોને ફાયદો થશે.અમેરિકામાં વસતા આવા આઈટી સાથે સંકળાયેલા અનેક એચ ૧ બી વિઝા ધારકોને આ ફાયદો મળી શકશે.ટ્રમ્પે ગ્રીન કાર્ડ લોટરી સિસ્ટમ બંધ કરીને તેને સ્થાને મેરીટ આધારિત સિસ્ટમ શરુ કરવા નક્કી કર્યુ છે.

# સંસદમાં રજુ કરાયેલું મોદી સરકારનું અંતિમ બજેટ નાણાંમંત્રીની નિષ્ફળતા :કોંગ્રેસ

સંસદમાં મોદી સરકારના કાર્યકાળનું અંતિમ અને પુર્ણ બજેટ નાણાંમંત્રી અરુણ જેટલીએ રજુ કર્યુ પરંતુ મુખ્ય વિપક્ષ કોંગ્રેસે આ બજેટ માત્ર 'પાખંડ' હોવાનું કહીને ફગાવી દીધું છે.કોંગ્રેસે આ બજેટ નાણાંમંત્રીની નિષ્ફળતા સમાન હોવાનો દાવો કર્યો હતો.જ્યારે દિલ્હીને જ ફોકસ કરતાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આ બજેટમાં દિલ્હી સાથે ઓરમાયું વર્તન થયાની રાવ કરી હતી. એ જ રીતે અન્ય વિપક્ષોની પ્રતિક્રિયામાં બસપા પ્રમુખ માયાવતીએ પણ કેન્દ્રીય બજેટ પસંદ પડ્યું નથી. અને તેમણે તેને ગરીબો વિરોધી અને અમીરો માટેનું બજેટ હોવાનું નિવેદન આપ્યું હતું.તો તુણમુલ કોંગ્રેસે બજેટ સુપરફ્લોપ હોવાનો દાવો કર્યો છે.

કોંગ્રેસે સંસદમાં રજુ થયેલ બજેટ રાજકીય ન હોવાનું સ્વીકારીને પણ કોંગ્રેસે આ બજેટ ખેડુતો તથા અન્ય હાંસિયામાં ધકેલાયેલા સમાજના ક્ષેત્રો માટે એક પાખંડ સમાન છે.કોંગ્રેસના નેતા મનિષ તિવારી અને પુર્વ નાણાં મંત્રી પી.ચિદમ્બરમે કહ્યુ હતું કે આ બજેટ નાણાંમંત્રીની નિષ્ફળતા દર્શાવે છે.તેઓએ કહ્યુ હતું કે નાણામંત્રી અરુણ જેટલી રાજકોષીય ખાધ ઘટાડવામાં સફળ થઈ શક્યા નથી. જેના અર્થતંત્રમાં ગંભીર પરિણામો આવશે.

પુર્વ પીએમ અને જનતા દળ(એસ)ના નેતા એચ.ડી.દેવગોડાએ કહ્યુ હતું કે ખેડુતો પર બજેટમાં લક્ષ અપાયું પરંતુ તે પુરતું નથી. તેમના માટે લેવાનાર પગલાં પર્યાત નથી.

જ્યારે કેન્દ્રીય બજેટમાં દિલ્હી માટે ઓરમાયું વર્તન દાખવવામાં આવ્યું હોવાની ફરિયાદ દિલ્હી સી.એમ. કેજરીવાલે કરી હતી.તેમણે કહ્યુ હતું કે અમને અપેક્ષા હતી કે કેન્દ્રીય બજેટમાં મહત્વપુર્ણ માળખાકીય પ્રોજેક્ટસ માટે આર્થિક સહાય પ્રાપ્ત થશે.પરંતુ કેન્દ્ર સરકારે દિલ્હી વાસીઓને સેકન્ડ ગ્રેડ નાગરીકો સમજતી હોવાથી બજેટમાં કોઈ જોગવાઈ કરવામાં આવી નથી.કેન્દ્રીય બજેટ ભારોભાર નિરાશાજનક છે.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**



**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧
જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૯૨૩૮૦૦૧૯૮૯

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# સમાધાન કરી શકે તે પ્રગતિ કરી શકે

જીવનમાં સમાધાન કરીને જીવવુ પડે છે.જેને સમાધાન કરતાં આવડતુ નથી તે ફેંકાઇ જાય છે.એમાં આપણી જે માન્યતા હોય,તે બીજાઓને અનુકુળ ન પણ આવે, તેથી તે સ્વીકારી શકે નહી.એવુજ આપણા પક્ષે પણ થાય. તો સામસામે સમાધાન કરી લેવુ પડે, જો એમ ન થાય તો તે લાંબુ ટકે નહી.આ સામાન્ય બાબત છે.જેને સમાધાન કરતાં આવડે તે જીતે.સમાધાનથી શાંતિ આવે છે.જ્યારે આપણાં દેશમાં રજવાડાં હતાં ત્યારે સંધિની પ્રક્રિયા સતત ચાલ્યા કરતી,એમાં વિશ્વાસઘાત,પ્રપંચવિદ્યા, ખોટાં કારસ્તાન,લડાઇ-ઝગડા કરાવવાની વ્યુહરચના,વળી પાછુ સુલેહ-શાંતિ કરાવવાની મથામણ આ બધીજ રાજકીય આંટીઘુટીઓ ચાલ્યા કરતી. એમાં એક રાજા બીજા રાજા સાથે સમાધાન કરે,સંધિ કરાર થતાં એમ આજે વિશ્વના દેશો એકબીજા સાથે કોઇ ને કોઇ પ્રકારની સંધિ કરે. એ માટે એક દેશ બીજા દેશમાં પોતાના એલચી રાખે છે.બીજા દેશો સાથે સલાહ સુચનો માટે કોઇ પ્રશ્નો ઉભા થાય તો એનુ સમાધાન કરાવવાના પ્રયત્નો કરાતા હોય છે.સંધિ થયા પછી બંને પક્ષ એની સમયમર્યાદામાં રહીને, એનુ પાલન કરવા માટે બંધાયેલો હોય છે. જો એમ ન કરે તો સંધિભંગ ગણાય છે.

સંધિ એટલે જોડાવુ તે, સંયોગ (૨)સાંધો, સાંધાની જગ્યા (૩)સુલેહ, તહ(૪)અણીનો વખત (૫)બે યુગ કે વિશિષ્ઠ સમયો વચ્ચેનો સમય (૬)બે વર્ણો સાથે આવવાથી થતો ફેરફાર કે જોડાણ(વ્યા)(૭)નાટકનો સાંધો કે વિભાગ (૮)ચોરે ભીંતમાં પાડેલુ બાકું વગેરે અર્થ થાય છે. આ અર્થોની દર્ષ્ટિએ જોઇએ તો સંધિ એના જુદા જુદા કાર્યો સાથે સંકળાયેલી બાબત છે.

આપણે સંધિકાળ એવુ કહીએ છીએ. એ કાળગણનાનો એક ભાગ ચે. એ યુગ વચ્ચેનો સમય,યુગનો બારમો ભાગ છે.એમાં એકનો અંત અને બીજાની શરુઆત થાય, તે સમય સંધિકાળ કહેવાય છે.એક પરિસ્થિતિમાંથી બીજી પરિસ્થિતિમાં પ્રવેશવાનો સમય. આ સમયને સાચવવાનો હોય છે.એની પુજા અર્ચના કરવામાં આવે છે.આ વાત સમયની થઇ. એવી જ રી તે જીવનમાં પણ કેટલોક સંયોગ એવો ઉભો થાય કે જેથી તમારે સંધિ કરવી પડે.જે માણસ અણીનો સમય સાચવી જાણે છે એ જીવી જાણે છે.એનાથી આગળ વધીને કહી શકાય કે જે સમયની સાથે સંધિ કરી શકે છે, એ પ્રગતિ કરી શકે છે.ક્યારેક આપણને સંધિ ગમતી હોય કે ન ગમતી હોય,જો એ વિશાળ હિતમાં હોય તો કરવી જોઇએ.માત્ર આપણા સ્વાર્થ ખાતર જો એ ન કરાય તો એનાં પરિણામ બીજાઓને ભોગવવાં પડતાં હોય છે.આપણે કોઇ વસ્તુ તુટી જા. તો એને રેણ કરીએ છીએ, સાંધીએ છીએ. હ્રદયમાં તકલીફ થાય તો ઓપરેશન કરાવીને ધમનીઓને ગતિમાં લાવીએ છીએ.આપણને ખબર છે કે આ સાંધો લાંબો સમય ટકવાનો નથી, એને સાચવીને કાળજીપુર્વક રાખીએ છીએ. એવું જ સંધિનુ પણ છે.સંધિ થયા પછી એને નિષ્ઠાપુર્વક વળગી રહેવાનો પ્રયત્ન કરવો જોઇએ.

કોઇ મહાન કાર્યો કરવા માટે શત્રુઓ સાથે પણ સંધિ કરવી જોઇએ. આપણે જો શત્રુતાની દાઝમાં જ રહીએ તો કાર્ય બગડી જાય છે.સમાજના કે માનવજાતના હિતમાં જો હોય તો સમાધાન કરવુ એ માણસની મહાનતા ગણાય છે. દેશના હિતમાં પણ ક્યારેક બાંધછોડ કરવી પડે તો કરાય. એમાં આપણો અહંમ ઓગાળવો પડે. આપણા અહંમથી જો રાષ્ટ્રને નુકશાન થતુ હોય તો આપણે દેશદ્રોહી જ કહેવાઇને ?સજ્જન માણસ તો એ છે કે જે બીજાના ભલાનો વિચાર કરે.જે રાજકારણી છે એ પેલા વાંદરાની વાર્તા જેવા હોય છે. બે બિલાડીની લડાઇમાં પોતાને મલાઇ મળે એની ફિરાકમાં રહેતા હોય છે.જો કોઇ પ્રશ્નની મડાગાંઠ પડી હોય તો એને ઉકેલવાના બદલે વધારે ગુંચવવામાં એમને અસુરી આનંદ આવતો હોય છે.પોલિસને કહે કે તુ પકડ અને ચોરને કહે કે તું નાસી જા.આવા લોકો સંધિને નામે પોતાનો રોટલો શેકતા હોય છે.જો સરળતાથી બે પક્ષો વચ્ચે સમાધાન થઇ જાય તો એવા લોકોનો ભાવ કોણ પુછે ?જુના સમયમાં રાજાઓ વચ્ચે સંધિ કરાવનારાઓ એવી જ ભુમિકા ભજવતા.બંને પક્ષો એમને પોતાના જ માનતા હોય છે.પણ એ સંધિ કરાવનાર ક્યારેય કોઇનો હોતો નથી. આજે આપણી જ્ઞાતિઓના સમાજોમાં પણ જોઇએ છીએ કે સમાજના આગેવાનો કોઇને લડાઇ-ટંટો હોય તો વચ્ચે પડીને સંધિ કરાવવાનો પ્રયત્ન કરતાં હોય છે.એમાં બંને પક્ષે સમાધાનના પ્રયાસો થાય છે.પણ એમાં વચેટીયા હોય તે પોતાનો જ વિચાર કરતાં હોય છે.

સંધિ ક્યાં સુધી ટકતી હોય છે.નેપોલીયને કહ્યુ છે 'સંધિઓનુ પાલન ત્યાં સુધી જ કરાય છે, જ્યાં સુધી એમના હિતોની યોગ્યતા સચવાય છે 'પોતાના હિતો સચવાઇ રહે ત્યાં સુધી સંધિ એમના માટે સારી ગણાય છે.જ્યારે એમનાં હિતો ટકરાય ત્યારે સંધિનો અંત આવે છે. ફરીથી એની એ જ લડાઇઓ, ઝગડાઓ,મારામારી અને કાપાકાપી શરુ થઇ જાય છે. ક્યારેક તો આ પ્રકારની સંધિઓ માત્ર કાગળ ઉપર જ રહેતી હોય છે.એમાંય જો સામેવાળો દુબળો હોય, ગરીબ હોય, તો એની સાથે સંધિ કરવાનો પ્રશ્ન જ રહેતો નથી. એ પોતાનો શત્રુ હોય તેથી શું થઇ ગયું ?આપણે કહીએ છીએ કે નબળો ઘણી બૈરી પર શુરો હોય છે. એના પણ લોકો સમાજમાં હોય છે, પણ પોતાનો પડોશી સામાન્ય કક્ષાનો હોય તો એને આપણે સતત દબાવ્યા જ કરીએ છીએ. એની પરિસ્થિતિનો ગેરલાભ લેતાં આપણે અચકાતાં નથી.સામાન્ય માણસ પોતાની નબળાઇઓના કારણે બોલતો ના હોય એની સાથે કોઇપણ વાતનુ સમાધાન શા કામનુ ? એવા લોકોનુ તો સતત શોષણ થતું આવે છે. એવો જ કોઇ દેશ હોય કે, આપણા સમાજનો કોઇ વર્ગ હોય. એને તો સતત કચડાતા જ રહેવું પડે છે.સંધિ કોની સાથે થાય ?જેની આપણને ભીતી હોય,જેનો ભય હોય,એની સાથે સંધિ કરવાની હોય છે. જે આપણને કશું જ કરી શકે એમ ન હોય એની સાથે સંધિ કેવી ?સંધિ એ રાજનીતીનો એક ભાગ છે.એમાં તો લાભાલાભનો જ વિચાર કરવો પડે છે. જીવનમાં ક્યારેક આપણે જેને દુશ્મન માનતા હોઇએ એવો માણસ પણ આપણા પર ઉપકાર કરતો હોય છે. ઉપકાર કરનાર શત્રુની સાથે સંધિ કરવી જોઇએ.તેના બે લક્ષણ જાણવા જોઇએ,ઉપકાર અને અપકાર, આપણે કહીએ છીએ કે કોઇ વેંત નમે તો આપણે હાથ નમવું જોઇએ. એમાં જ આપણી માનવતા રહેલી છે. જો શત્રુ આપણા હિતનાં વિચાર કરતો હોય તે એની સાથે સમાધાન કરવુ એ યોગ્ય જ ગણાય છે. જો બે રાજાઓ સમાધાન કરે અથવા બે રાષ્ટ્રો સંધિ કરે તો એનુ પાલન કોણે કરવાનુ ?જે તે રાષ્ટ્ર અને તેની પ્રજાએ. સંધિ જો પ્રજાના હ્રદય સુધી પહોંચે નહીં તો એનો અર્થ સરતો નથી.

ડૉ.કિશોરસિંહ સોલંકી (સૌ. સંદેશ)

# ભારતીય શેરબજારમાં બજેટના પગલે આવેલ નરમાઇ વૈશ્વિક વાવાઝોડામાં વેગીલી બનતાં છ દિવસમાં ૧૦ લાખ કરોડ ડુબી ગયા

ભારતીય શેર બજારમ્ બજેટના પગલે આવેલી નરમાઈ અને વેશ્વિક વાવાઝોડાને કારણે વધુ વેગવાન બનેલી નરમાઈ છેલ્લા છ દિવસમાં ૧૦ લાખ કરોડ ડુબાડી ગઈ છે.શેર બજારમાં આવેલી નરમાઈમાં વૈશ્વિક શેરબજારે સૌથી મોટો ભાગ ભજવ્યો હતો. અમેરિકામાં બોન્ડ યીલ્ડ ચાર વર્ષની ઉંચી સપાટીએ પહોચતાં તેનો આંચકો માત્ર અમેરિકા જ નહી પણ વૈશ્વિક શેરબજાર સુધી આવ્યો હતો.ભારતીય શેરબજારની સરખામણીએ એશિયાના શેરબજાર બમણાં તુટ્યા હતા.તો યુરોપના બધાજ અગ્રણી શેરબજાર બે ટકાથી વધુ તુટીને ટ્રેડ થયા હતા.શેરબજારમાં આવેલી વેચવાલી પાછળ બજેટ કરતાં વૈશ્વિક શેરબજારની નરમાઈ વધુ જવાબદાર રહી છે.

# કેન્દ્રીય બજેટના વિરોધમાં આંધ્ર પ્રદેશમાં તમામ રાજકીય પક્ષો દ્વારા બંધ

કેન્દ્ર સરકારના બજેટને આંધ્ર પ્રદેશ વિરોધી બજેટ ગણાવીને રાજ્યવ્યાપી બંધનું એલાન આપ્યું હતું.જેમાં ડાબેરી પક્ષો, દ્વારા અપાયેલા બંધને વાયએસઆર કોગ્રેસ,જનસેના,ભાજપની સ્થાનિક સમિતિઓ અને સત્તાધારી તેલુગુદેશમ પાર્ટી દ્વારા સમર્થન મળ્યું હતું.પરિણામે સમગ્ર આંધ્ર પ્રદેશમાં બંધનો માહોલ રહ્યો હતો.બંધમાં જોડાનાર ટીડીપી કેન્દ્ર સત્તામાં ભાગીદાર પક્ષ છે. જો કે કેટલાક દિવસો પહેલા રાજ્યના મુખ્યમંત્રીએ એનડીએમાંથી છુટા થવા માટે ચીમકી આપી હતી.પરંતુ એનડીએની નેતાગીરી તેમની ચીમકીને વશ થઇ નહોતી.પરિણામે આંધ્ર પ્રદેશમાં બંધનો ઉપયોગ કરીને ટીડીપી એનડીએમાં પોતાનુ આગવું બળ ઉભુ કરવા માટે પ્રયત્નશીલ છે.જો કે બજેટમાં આંધ્રને અન્યાય થયો છે તે બાબતને સમાજના તમામ તબકાના લોકોને સમર્થન આપ્યુ હતું.ટીડીપીના સાંસદોએ દેખાવો કરતાં રાજયસભા સ્થગિત કરવી પડી હતી.જો કે આંધ્રની રજુઆત એવી હતી કે કેન્દ્ર સરકારે આંધ્રને બજેટમાં માત્ર રુ.૧૮૦૦કરોડ આપ્યા હતા જે તેના કરતાં બાહુબલી ફિલ્મનું કલેકશન પણ વધારે હતું.રાજ્યને એક ફિલ્મના વકરા કરતાં પણ ઓછી સહાય કેન્દ્રીય બજેટમાં આપીને કેન્દ્ર સરકારે આંધ્રને અન્યાય કર્યો છે.કેન્દ્ર સરકારે અન્ય રાજયોને મોટી ફાળવણી કરી છે જ્યારે આંધ્રને તેના હાલ પર છોડી દેવાયું છે.

## જાણવા જેવું !

૧૮૬૮માં બ્રિટીશ રેલરોડ સિગ્નલ એન્જીનીયર જે.પી.નાઇટે ટ્રાફિક સિગ્નલની શોધ કરી હતી.

દરિયાઇ મુસાફરી માટે ઉપયોગમાં લેવાતા સૌથી વિશાળ જહાજ તરીકે ૧૯૩૮માં નિર્માણ પામેલું ક્વીન એલિઝાબેથ ક્રુઝ લાઇનર હતું.

## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ
એ.એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.